


"અરે... વરસાદ ધોધમાર વરસે છે ને..!!"

"ક્યાં... ક્યાં... ક્યાં..?!"

"અરે સાહેબ..! આખા ગુજરાતમાં રાહતનો વરસાદ..! સુખ સુવિધાનો વરસાદ..! ભાવ ઘટાડવાનો વરસાદ..! ખાતમુહૂર્તો અને લોકાર્પણનો વરસાદ..! ... જાણે અષાઢી મેઘ..!!"

"હા... ભાઈ...હા..! વ્યંગ કરો... તમારા દિવસો છે... ચૂંટણી આવે અને કોઈપણ શાસક પ્રજાને રાહત આપે..! વધુ સુવિધા આપે..! અને વિકાસના કામો કરે..! આ સ્વાભાવિક પરંપરા છે..! આમાં તમને શું પેટમાં દુઃખે છે..?!"

"સાહેબ... અમે રાડો પાડી પાડીને થાક્યા... કે પેટ્રોલ ડિઝલના ભાવે કમર તોડી નાખી છે અને એના પગલે મોંઘવારી ભડકે બળે છે..!! પણ ના સાંભળ્યું તે ના જ સાંભળ્યું..!! અને હવે કેવા વાંકા રહીને એક્સાઈઝ ઘટાડી..! વેટ ઘટાડ્યો..! સાતમુ પગાર પંચ આવ્યું..! ટેકાના ભાવો જાહેર કર્યા..!!"

"હા, તો એમાં ખોટું શું કર્યું ભાઈ..? આટલા ઉંચા અવાજે શેના બોલો છો..?! તમે કેતા'તા ત્યારે ના કર્યું એ વાત સાચી... પણ આજે તો કર્યું ને..?! અને પ્રજા માટે જ કર્યું ને..?! કંઈ અમારા સભ્યો માટે જ ઘટાડ્યા છે એવું તો નથી જ ને..?! બધા માટે છે..!"

"હા...હા..! એ બધું તો સાડાચાર વર્ષ તમે કર્યું જ..!! હવે મત લેવા છે ને પ્રજાને જવાબ આપવાનો છે એટલે..!! એટલે આ બધી રાહતો સુઝી છે..! આજે જ બ્રહ્મજ્ઞાન આવ્યું..?! દંડા મારવાના ને મલમ લગાવવાનો આ ક્યાંનો ન્યાય છે..?! હવે તો ભૈબાપા કરશો..!"

"તમે માનો છો એવું નથી... અમે વહાલા-દવલા ક્યારેય કોઈના કરતાં જ નથી..! અમારે તો પારદર્શક પાર્ટી ચાલે છે..! અમારી પાર્ટી એટલે અલગ વિચારધારાની પાર્ટી..!! અમે તો રાષ્ટ્રવાદી... અમે શિસ્તબદ્ધ... અમે સંસ્કારી... અમે પ્રમાણિક... અમે પારદર્શક..!"

"રહેવા દો હવે, અમને તો બધી જ ખબર છે તમારી..! તમારા બત્રીસે બત્રીસ લક્ષણ અમે જાણીએ છીએ... એ બધું બીજા રાજ્યમાં કહેવા કામ લાગશે..! તમે કેવા પ્રામાણિક અને કેવા પારદર્શી... સરકારી કચેરીઓની દિવાલો જાણે છે..! કાર્યાલયોના કમાડો જાણે છે..! અને હોદ્દેદારોના હોઠ જાણે છે..!! અમારે કંઈ કહેવુંયે નથી ને સાંભળવું યે નથી..!"

"કેમ... સાંભળવું નથી..!?! સાંભળવું તો પડશે..! બેટીંગ કરો એટલે ફીલ્ડીંગ નહીં ભરવાની એવું ઓછુ ચાલે..?! પ્રજા અમારી ઉપર આફરીન છે આફરીન... અમારા સાહેબ બે દિવસ આવશે અને જાદુની લાકડી એવી ફેરવશે..!! કે બધાની બોલતી બંધ થઈ જશે..!!"

"બેટીંગ તો તમારે છોડવું નથી એના ઉધામા છે..! અમારા વાળાએ તો બાવીસ વરસ ફિલ્ડીંગ કરી..! અને હજુ તો સાહેબ ઉપર જ આધાર રાખીને બેઠા છે..!?! સાહેબ આવશે અને અમારૂ કલ્યાણ કરશે..! તમે પાંચ વરસ કર્યું શું..?! એના જવાબમાં તત્ ફફ્ થાઓ છો..! એટલે સાહેબની રાહ જુઓ છો..!!"

"ભાઈ..! થોડા માપમાં બોલો..! આપણે ત્યાં અમારો પક્ષ હોય કે તમારો પક્ષ હોય... વિચાર કરતાં વ્યક્તિને વધુ મહત્વ આપીએ

● અનુસંધાન પાન-૭ પર

### કપાસમાં સુકારો અને દિવેલામાં ઘોડિયા ઈયળના ઉપદ્રવથી

# જિલ્લામાં પાક-ઉત્પાદનમાં વિપરીત અસરોની સંભાવના

**ખેડૂતોએ પ્રિમીયમ વસુલ્યા પછી હવે વળતરની માંગણી માટે ખેતીવાડીતંત્રને આજે રજુઆત કરી : માણસા-દહેગામમાં વ્યાપક રોગચાળો : કિસાન સેનાની આંદોલનની ચીમકી**

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લામાં બદલાયેલા હવામાનને પગલે કપાસ અને એરંડાના પાકમાં સુકારો તેમજ ઘોડિયા ઈયળનો ઉપદ્રવ જોવા મળતાં પાક-ઉત્પાદન પર વિપરીત અસરો પડવાનો ભય ઉત્પન્ન થતાં આજે માણસા અને દહેગામના ખેડૂતોએ તેમને કપાયેલા વીમા પ્રિમીયમમાંથી નુકસાનીનું વળતર મળવું જોઈએ તેવી ઉગ્ર રજુઆત જિલ્લા ખેતીવાડી તંત્રને કરી હતી.

છેલ્લા એક પખવાડિયાથી જિલ્લામાં જે રીતે ગરમીનું પ્રમાણ જોવા મળી રહ્યુ છે તેને પગલે કપાસના પાકમાં સુકારાનો રોગ જોવા મળી રહ્યો છે. કપાસના પાકને ઝીંડવા (ફૂલ) બેસવાના સમયે જ આ રોગે દેખા દેતાં છોડના પાન સતત ખરી રહ્યા છે અને પાક સુકાઈ રહ્યો છે.

આ સ્થિતિને લઈ આજે માણસા તાલુકાના ઈટાદરા, સૌલૈયા પંથકમાં ખેડૂતો મોટી સંખ્યામાં પંચાયત કચેરીએ આવ્યા હતા અને વળતર ચુકવવા માંગણી કરી હતી.

આ ખેડૂતોએ એવી રજુઆત કરી હતી કે પ્રધાનમંત્રી પાક-વીમા યોજનામાં ધિરાણ સમયે જ ૩૦ હજાર જેટલુ પ્રિમીયમ કાપી લેવામાં આવ્યું છે. હવે રોગચાળાની આ સ્થિતિમાં અમને વળતર મળવુ જોઈએ તે અમારો હક્ક પણ બને છે.

તંત્રના અધિકારીઓએ આ અંગે જ્યાંથી ધિરાણ લીધુ હોય તેને

● અનુસંધાન પાન-૭ પર

# મહેન્દ્રસિંહ વાઘેલા પણ હવે ભાજપ ભણી

ગાંધીનગર, તા. ૫

કોંગ્રેસ સાથે છેડો ફાડનાર બાયડના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલાના ભાજપમાં પ્રવેશ માટેનો તખ્તો તૈયાર થઈ ગયાના સંકેતો ભાજપના સૂત્રોમાંથી મળી રહ્યા છે.



મળતી વિગતો પ્રમાણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગમન ટાણે જ આ પ્રવેશવિધિ સંપન્ન કરી દેવામાં આવે તેમ મનાઈ રહ્યું છે.

મહેન્દ્રસિંહ વાઘેલાએ અગાઉ પણ એવી જાહેરાત કરી હતી કે તેઓ ભાજપમાં જોડાવાના છે અને કાર્યકર બની પક્ષ માટે કામગીરી કરશે.

રાજ્યસભાની ચૂંટણી વેળાએ તેમણે કોંગ્રેસ સાથે છેડો ફાડ્યો હતો અને હજુ ભાજપમાં તેઓ વિધિવત્ રીતે પ્રવેશ્યા નથી. જો કે આગામી સપ્તાહમાં જ તેઓ જોડાઈ જશે તેમ મનાઈ રહ્યું છે.

# ગૌરવ યાત્રા રવિવારે પાટનગરના પાદરે પહોંચશે

**ડમ્પીંગ સાઇટનો વિરોધ હાલ પુરતો ટાળવા સ્થાનિકોને લોલીપોપ પકડાવી હોવાનો ગણગણાટ : ડમ્પીંગ સાઇટ મામલે પ્રદુષણ નિયંત્રણ બોર્ડે કલીયરન્સ પણ આપી દીધુ છે : રસ્તા રોકો આંદાલન મોકુફ રાખવાના નિર્ણય બાદ પણ શિરદર્દ યથાવત**

ગાંધીનગર તા ૫

પેથાપુરમાં ડમ્પીંગ સાઈટ ઉભી કરવાના મામલે ગ્રામજનોમાં પ્રબળ વિરોધ પ્રવર્તયો છે. ત્યારે આગામી ૮ ઓકટોબરે ભાજપની ગૌરવ યાત્રા પણ પેથાપુરમાં આવવાની છે આવા સંજોગોમાં ડમ્પીંગ સાઈટનો વિરોધ અને વિવાદ જાણે ગૌરવયાત્રા પુરતો ટાળવા માટે ભાજપના નેતાઓએ ગ્રામજનોને લોલીપોપ પકડાવી હોય તેવી સ્થિતિ સર્જાઇ છે. એકબાજુ પ્રદુષણ નિયંત્રણ બોર્ડ કક્ષાએથી ડમ્પીંગ સાઈટના નિર્ણયને આખરી કરવા માટે કલીયરન્સ પણ આપી દીધુ છે. બીજીતરફ ગૌરવયાત્રામાં આ વાતનો વિવાદ ઉભરીને સામે ન આવે તે માટે સ્થાનિકોના વિરોધ અને આક્રોશને હાલ પુરતો ખાળવા માટેની નિતી અપનાવાઈ હોવાનો ગણગણાટ પણ પ્રવર્તયો છે.

પેથાપુરમાં છેલ્લા ચાર દિવસથી આ વિસ્તારમાં ડમ્પીંગ સાઈટ કાર્યરત કરવાના મુદ્દે સ્થાનિકોમાં પ્રબળ વિરોધ પ્રવર્તયો છે. આ વિસ્તારમાં હરહાલતમાં ડમ્પીંગ સાઈટ ઉભી ન થાય તે માટે સ્થાનિકો અગાઉ પેથાપુર બંધના એલાનને સફળ બનાવી ડમ્પીંગ સાઈટના મુદ્દે અસરકારક વિરોધ પણ પ્રદર્શિત કરી ચુક્યા છે. પેથાપુરમાં ડમ્પીંગ સાઈટ ખસેડવાની હિલચાલ સહીત એસ ટી બસનો પ્રશ્ન પણ સ્થાનિકો માટે આક્રોશનુ કારણ બન્યો છે. આ વિસ્તારમાં ડમ્પીંગ સાઈટ કોઈપણ સંજોગોમાં ન જોઈએ તેવા સ્થાનિકોના પ્રબળ આક્રોશના અંતે

● અનુસંધાન પાન-૭ પર



ફુલોના ગરબા - નવરાત્રી પૂર્ણ થતાં ગ્રામીણ વિસ્તારોમાં ફુલોના ગરબા છેક દેવદિવાળી સુધી ગવાય છે... અલગ-અલગ ગામોમાં અલગ - અલગ પરંપરા છે... ક્યાંક દિવાળીથી શરૂ થાય અને દેવદિવાળી સુધી ચાલે... અને ક્યાંક નવરાત્રીથી શરદપૂનમ સુધી ચાલે... પણ વાતાવરણ ગરબામય રહે... જિલ્લાના સોનીપુર ગામમાં ફુલોના ગરબા માણવા મહેરામણ ઉમટ્યો હતો... ગ્રામીણ મહિલાઓ અસલ લઢણમાં પ્રાચીન ગરબાને પ્રસ્તુત કરતા હતા... માથે ફુલોથી શણગારેલો ઘડો મુકી કલાકોના કલાકો સુધી માતાજીના ગુણગાન ગાતા ગરબા ઘુમતા હતા... ભારતીય સંસ્કૃતિની પ્રાચીન પરંપરાની ભવ્યતા પ્રગટે છે...

# માર્ગ નિર્માણમાં રસ્તાના લેવલ માટે કેમ્બર પેટર્ન જળવાય તે અનિવાર્ય

**સેકટરોના આંતરિક માર્ગો આસપાસ આડેધડ પેવર બ્લોક ખડકી દેવાતા નિચાણમાં ધકેલાયેલા માર્ગોનુ અસ્તિત્વ જોખમમાં**

ગાંધીનગર તા ૫

શહેરમાં હાલ માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. તમામ સેકટરોમાં માર્ગોની દશા સુધારવા માટે અંદાજિત રૂ ૩૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જયારે તોતિંગ ખર્ચના અંતે સેકટરોમાં લેવલીંગના અભાવ વચ્ચે માર્ગોના અસ્તિત્વ સામે મંડરાયેલા ખતરાને ડામવા કેમ્બર પેટર્ન જળવાય તે અનિવાર્ય હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે. સેકટરોના આંતરિક માર્ગો આસપાસ પેવર બ્લોકના આડેધડ કામના લીધે માર્ગો નિચાણમાં ધકેલાઇ ગયા છે. ત્યારે માર્ગ નિર્માણની કામગીરીમાં ટેકનિકલ પરિબળોને ધ્યાને લઇ કામ કરવાનુ મુશ્કેલ બન્યુ છે.

શહેરમાં લાંબા સમય બાદ આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. સેકટરોમા આંતરિક માર્ગોની સુધારણા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. સેકટરોના તમામ રસ્તાઓને આવરી લેવા અંદાજિત રૂ ૩૦ કરોડનો ખર્ચ કરાશે. પરંતુ સેકટરોમાં માર્ગોની દશા હાલ અત્યંત ખરાબ છે. ત્યારે માર્ગાના લેવલીંગની વાત મુખ્ય બની છે. સેકટરોમાં સ્થાનિક રહીશો દ્વારા માર્ગો આસપાસ પેવર બ્લોક કરી દીધા છે. જયારે પેવર બ્લોકની કામગીરીમાં કોઈપણ પ્રકારનુ લેવલીંગ કરવામાં આવ્યુ નથી. જેના લીધે માર્ગો નિચાણમાં ધકેલાઇ ગયા છે. વરસાદી દિવસોમાં પાણી નિકાલના અભાવે આમ પણ માર્ગો પર વરસાદી પાણી ફરી વળે છે. ત્યારે લેવલીંગના અભાવે માર્ગોના અસ્તિત્વ સામે જોખમ મંડરાયેલુ છે. વરસાદી દિવસોમાં માર્ગો પર પાણી ભરાતા માર્ગોનુ ધોવાણ થાય છે. સેકટરોમાં સ્ટોર્મ વોટર લાઈનના અભાવે આમ પણ ચોમાસામાં જળબંબાકારની સ્થિતિ જોવા મળે છે. જયારે પેવર બ્લોકનુ આડેધડ કામ થતા રોડ નેટવર્ક પર ખતરો ઉભો થયો છે. માર્ગ નિર્માણની કામગીરી દરમિયાન આમ નાગરિકો પણ આ મામલે સરકારી તંત્રને સહકાર આપે તેવી અનિવાર્યતા સેવાઈ રહી છે. ત્યારે માર્ગોના નિર્માણમાં કેમ્બર પેટર્ન જળવાઈ રહે તે માર્ગોના અસ્તિત્વ માટે જરૂરી

● અનુસંધાન પાન-૭ પર

# અલ્પેશ ઠાકોરની મહાસભા રામકથા મેદાનમાં

**ક્ષત્રીય ઠાકોર સેના અને ઓબીસી એક્તા મંચના આગેવાનો-કાર્યકરો લાખોની સંખ્યામાં હાજર રહે તેવી શક્યતા : અલ્પેશ કયા પક્ષમાં જોડાશે તેની જાહેરાત કરશે**

ગાંધીનગર, તા. ૫

ક્ષત્રીય ઠાકોર સેના અને ઓબીસી એકતા મંચના અલ્પેશ ઠાકોર વિધાનસભાની ચૂંટણીમાં કયા પક્ષમાંથી ટીકીટ લેશે તેના પર સૌની નજર છે. ત્યારે આ બાબતની જાહેરાત કરવા અલ્પેશ ઠાકોરે ૯મી ઓક્ટોબરે ગાંધીનગરમાં મહાસભાનું એલાન કર્યું છે. ચારથી પાંચ લાખની જનમેદની આ મહાસભામાં ઉમટે તેવી વકી છે. ત્યારે સે. ૧૧ના રામકથા મેદાનમાં આ મહાસભા યોજવા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

એક તરફ શોશ્યલ મીડિયામાં ભાજપ સરકાર પર માછલા ધોવાઈ રહ્યાં છે. જીએસટી, નોટબંધી, વિકાસ ગાંડો થયો છે, ભ્રષ્ટાચાર અને શોષણ જેવા મુદ્દાઓથી ખેડૂતો, યુવાનો, વેપારીઓ, કર્મચારીઓ સરકારથી નારાજ થયા છે. તો બીજી તરફ અનામતના મુદ્દાઓથી પાટીદારો, દલીતો, ક્ષત્રીય ઠાકોરો પણ ભાજપથી ખફા છે. હવેની ચૂંટણીમાં ચાર યુવા નેતાઓ અલ્પેશ ઠાકોર, હાર્દિક પટેલ, જિગ્નેશ મેવાણી અને પ્રવિણ રામ કયાં પક્ષમાં જોડાય છે તેના પર પરિણામનો મદાર હોવાનો રાજકીય વિશ્લેષકોનો મત છે. એક તરફ હાર્દિક પટેલ અને જિગ્નેશ મેવાણીએ ભાજપનો વિરોધ જારી રાખ્યો હોવાથી આ બંને યુવા નેતા ભાજપમાં નહીં જોડાય તેવા સંકેતો પ્રાપ્ત થયા છે. હવે અલ્પેશ ઠાકોર કયાં પક્ષમાં જોડાશે તે બાબત પર સૌની નજર છે. ત્યારે ૯મી ઓક્ટોબરે

● અનુસંધાન પાન-૭ પર

## અલ્પેશ કોંગ્રેસમાં જોડાશે : સુત્ર

અલ્પેશ ઠાકોર ૯મી તારીખે યોજાનાર મહાસભામાં કયાં પક્ષમાં જોડાવવાની જાહેરાત કરશે તે બાબત હજુ રહસ્ય છે પરંતુ સુત્ર પાસેથી મળતી માહિતી મુજબ અલ્પેશ ઠાકોર કોંગ્રેસમાં જોડાશે તેવા સંકેત છે. તો બીજી તરફ આ સભાસ્થળ પર ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવવા પણ તૈયારીઓ કરી દેવામાં આવી છે. કેમ કે ભાજપમાં જોડાવાની જાહેરાત થાય તો ઠાકોર સેના ઉલ્ટુ રીએક્શન આપી શકે છે તેવા સંકેતો પણ મળી રહ્યા છે.

# દહેગામ તાલુકા પંચાયતના પ્રમુખની ચૂંટણી ૧૩મીએ

ગાંધીનગર, તા. ૫

દહેગામ તાલુકા પંચાયતના પ્રમુખની ચૂંટણી ૧૩મીએ કરવામાં આવશે. તાલુકા પંચાયતની આ માટે ખાસ સામાન્ય સભા બોલાવવામાં આવશે. જે પંચાયતના ઉપપ્રમુખશ્રીના અધ્યક્ષપદે મળશે અને સરકારના પ્રતિનિધિ તરીકે ચૂંટણી અધિકારી પદે મામલતદાર દહેગામ હાજર રહેશે.

દહેગામ તાલુકા પંચાયતમાં પ્રમુખ આશાબાએ હોદ્દા પરથી રાજીનામુ આપ્યુ હતુ જેને સામાન્ય સભાએ મંજૂર કર્યા બાદ હવે આ પદ માટેની ચૂંટણી ૧૩મી ઓક્ટો.ના રોજ યોજાશે.

આ ચૂંટણી માટે ૧૨મીએ બપોર સુધી ઉમેદવારી પત્રો તાલુકા વિકાસ અધિકારીશ્રીની ચેમ્બરમાં રજુ કરવાના રહેશે.

**તાલુકા પંચાયતના ઉપાધ્યક્ષના અધ્યક્ષપદે ખાસ સામાન્ય સભામાં ચૂંટણી થશે**

દહેગામ તાલુકા પંચાયતમાં ૧૭ સભ્યો કોંગ્રેસના છે જ્યારે ભાજપ પાસે ૧૧ સભ્યો છે. ભાજપે આ તાલુકા પંચાયત હસ્તગત કરવાના પ્રયાસો કર્યા હતા પરંતુ તે નિષ્ફળ જતાં કોંગ્રેસે હવે તેના

● અનુસંધાન પાન-૭ પર

**કર્મચારીઓ જોઈએ છીએ**

આ સંસ્થામાં રોજબરોજની કામગીરીમાં મદદરૂપ થઈ શકે તે પ્રમાણે ધોરણ-૧૨ પાસ અને સામાન્ય વહીવટી કામગીરીના જાણકાર-૨ (બે) કર્મચારીઓ જોઈએ છીએ. લાયકાત ધરાવનારે જરૂરી વિગતો સાથે સંપર્ક કરવો.

મેનેજર
શ્રી સૌરાષ્ટ્ર કડવા પટેલ સમાજ સેવા ટ્રસ્ટ
એમ.એસ. બિલ્ડીંગ સામે, ઉમિયા માતાજી મંદિર પાછળ, સેક્ટર-૧૨, ગાંધીનગર. મો. ૯૪૨૬૯ ૧૦૩૨૪

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ** ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com